Extra No. 194

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JUNE 28, 2026 / SRAVANA 6, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઇ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખઃ ૧૫મી જુલાઇ, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક. જીઆર/૨૦૨૬/૮૬/એલઇડી/ઇપીએફ/ઇ-ફાઇલ/૧૧/૨૦૨૫/૨૨૭૮/એમ૩-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

ORDER

Under

The Employees' Provident Funds and Miscellaneous Provisions Act, 1952

કામદાર પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઈ અધિનિયમ, ૧૯૫૨ હેઠળ

હુકમ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઇ, ૨૦૨૬

કામદાર પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઈ અધિનિયમ, ૧૯૫૨.

ક્રમાંક: જીઆર/૨૦૨૬/૮૬/એલઈડી/ઈપીએફ/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૫/૨૨૭૮/એમ૩: કામદાર પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઈ અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૧૯મા) ની કલમ ૧૭ ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) હેઠળ તારીખ. ૪થી જાન્યુઆરી, ૧૯૫૬ના પત્ર ક્રમાંક ઈપીએહ. ૧૧૫૬/૩૧૯૮૬/આઈ. થી, કોડ નં. જીજે/એએચડી/૯૩૯ ધરાવતા મેસર્સ નવજીવન ટ્રસ્ટને (જેનો આમાં હવે પછી, "સદરહ સંસ્થા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૫૬ના પત્રમાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, મહારાષ્ટ્ર સરકારના શ્રમ અને સામાજિક કલ્યાણ વિભાગે મુક્તિ આપેલી છે;

અને અધિક કેન્દ્રીય ફંડ કમિશનર (મુક્તિ), કામદાર પ્રોવિડન્ટ ફંડ સંસ્થા, શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્લી દ્વારા તારીખ, ૪થી ડિસેમ્બર, ૨૦૨૫ના પત્ર ક્રમાંક ઈ-૩/૧૦(૭૭)૨૦૨૩/એમઆઈએસસી/૧૪૧૭૨ થી તેની જાણ કરવામાં આવેલી છે.

૧. ટ્રસ્ટી મંડળે (બોર્ડ ઓફ ટ્રસ્ટીસ) સર્વાનુમતે તા. ૦૧.૧૦.૨૦૨૨થી અમલમાં આવે તેમ સદરહુ સંસ્થાની મુક્તિની સોંપણી (surrender) માટે ઠરાવ કરેલો છે.

૨. સદરહુ સંસ્થાની મુક્તિની સોંપણી (surrender) માટેની અરજી, કેન્દ્રીય બોર્ડની મુક્તિ સંસ્થા સમિતિ (એગ્નેટેડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટી) સમક્ષ, તેઓની તા.૧૯.૦૬.૨૦૨૫ના રોજ યોજાયેલ ઈઈસીની ૫૯મી બેઠકમાં અને તે પછી તા.૧૩.૧૦.૨૦૨૫ના રોજ યોજાયેલ કેન્દ્રીય ટ્રસ્ટી મંડળની ૨૩૮મી બેઠકમાં મૂકવામાં આવી હતી.

૩. કેન્દ્રીય ટ્રસ્ટી મંડળે, કામદાર પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઈ અધિનિયમ, ૧૯૫૨ની કલમ ૧૭(૪) હેઠળ મુક્તિ રદ કરવા માટેની સદરહુ સંસ્થાની સોંપણી અરજીનો સ્વીકાર કરવાની ભલામણ કરેલી છે.

૪. સદરહુ સંસ્થાએ તા.૦૧/૦૪/૨૦૨૧ થી ૩૦/૦૯/૨૦૨૨ સુધીનો થર્ડ પાર્ટી ઓડિટ રિપોર્ટ રજૂ કરેલો છે.

અને પ્રાદેશિક પ્રોવિડન્ટ ફંડ કમિશનર, અમદાવાદ-એ પણ જાણ કરેલી છે કે સંસ્થાએ ભૂતકાળની તમામ ભેગી થયેલી (રકમ) તબદીલ કરેલી છે અને તા.૦૧.૧૦.૨૦૨૨થી અમલમાં આવે તેમ મુક્તિ ન મળેલ સંસ્થા તરીકે અનુપાલન કરવાનું શરૂ કરેલું છે;

અને કેન્દ્રીય ઈપીએફઓ એ સદરહુ સંસ્થાના સંબંધમાં આપેલી મુક્તિ રદ કરવા માટે વિનંતી અને ભલામણ કરેલી છે;

અને કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, ગુજરાત સરકારે, સદરહુ સંસ્થાને આપેલ મુક્તિ રદ કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, કામદાર પ્રોવિડન્ટ ફંડ અને પ્રકીર્ણ જોગવાઈ અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૧૯મા) ની કલમ ૧૭ની પેટા-કલમ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તા.૦૧/૧૦/૨૦૨૨થી અમલમાં આવે તેમ સદરહુ સંસ્થાને આપેલી મુક્તિ રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પૂજા ઉપાધ્યાય,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.22 15:47:41 IST